રજુ તારીખ : ૧૦/૦૬/૨૦૨૬
દાખલ તારીખ : ૧૦/૦૬/૨૦૨૬
ફૈંસલ તારીખ : ૧૮/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ : માસ : દિવસ :
૦૦ : ૦૦ : ૦૮ :

**આણંદ જીલ્લાના મહે. બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. પેટલાદ.**

ફોજદારી પરચુરણ અરજી **નં.–૮૩/૨૦૨૬.**
**આંક :**

**ગૌતમભાઈ જશુભાઈ રોહિત.**
ઉ.વ.૪૪, ધંધો.ખેતી,
રહે.ઓડ, હે.ઈન્દીરા નગરી, ભરોડા રોડ,
તા.જી.આણંદ.
(હાલે જયુડીશીચલ કસ્ટડીમાં/સબ જેલ ખંભાત)

... અરજદાર

**વિરૂઘ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત.**
(નોટીસ થ્રુ આસી. સરકારી વકીલશ્રી, પેટલાદ)

... સામાવાળા

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી**

અરજદાર તરફે : વિ. વકીલ શ્રી વી.સી.કાંસકીવાળા
સામાવાળા તરફે :વિ.એડી. પી. પી. શ્રી જે.એચ.રાઠોડ

## –: : ઠ રા વ : :–

(૧) આ કામનાં અરજદાર/આરોપીને **પેટલાદ ટાઉન પો.સ્ટે. ના ગુ. રજી. નં.**૧૧૨૧૫૦૨૧૨૪૦૪૩૫/૨૦૨૪ થી ઈ.પી.કો.કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબના ગુનાના કામે

તેઓની અટક કરી જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલેલ છે. અરજદાર/આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ કરી ત.ક.અધિકારીએ ટ્રાયલ કોર્ટમા ચાર્જશીટ રજુ કરી દીધેલ, જેનો ક્રિ.કેસ નં.૮૪૦/૨૦૨૬ પડેલો છે. ચાર્જશીટ રજુ થતા અરજદાર/આરોપીએ નીચેની કોર્ટમાં મુકેલી જામીન અરજી નીચેની કોર્ટે નામંજુર કરતા અત્રેની અદાલતમાં બી.એન.એસ. ની કલમ-૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત કરવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે અરજદાર/આરોપી સામેના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં કાવતરું રચી કોઈ પણ જાતના લાયસન્સ વગર ગેરકાયદેસરના એજન્ટો બની મોજે પેટલાદ, એસ.એસ. હોસ્પીટલની પાછળ કર્મ કોમ્પલેક્ષમાં શ્રી રામ ટુર એન્ડ ટ્રાવેલ્સની ઓફીસ ચલાવી ફરીયાદી સંદિપભાઈ મહેશભાઈ પંચાલ તથા સાહેદોને વિશ્વાસ આપી અરજદાર/આરોપીએ ઈઝરાયેલ દેશના ખોટા વીઝા તેમજ વર્ક ઓફર લેટર તથા પ્લેનની ટિકીટો બનાવી મોકલાવેલ તથા આરોપી નામે હસમુખભાઈ વાલજીભાઈ પરમારે ફરીયાદી તથા સાહેદોને સાચા તરીકે બતાવી ફરીયાદી તથા સાહેદો પાસેથી ગુગલ પે થી રૂા.૧૧,૨૦,૦૦૦/- તથા ચેકથી રૂા.૧૦,૯૦,૦૦૦/- તથા રોકડા રૂા.૩૧,૮૪,૦૦૦/- મેળવેલ તથા આરોપી નામે જાસ્મીનબેને ગુગલ પે થી રૂા.૨,૩૦,૦૦૦/- તથા ચેકથી રૂા.૧,૫૦,૦૦૦/- તથા રોકડ રૂા.૧૬,૦૦,૦૦૦/- મેળવેલ તથા આરોપી નામે ભાવિનભાઈએ રોકડ રૂા.૮,૫૦,૦૦૦/- મેળવી તમામ આરોપીઓએ ગુગલ પે રૂા. ૧૩,૫૦,૦૦૦/- તથા ચેકથી રૂા.૧૨,૪૦,૦૦૦/- તથા રોકડ રૂા.૫૬,૩૪,૦૦૦/- મળી કુલે રૂા.૮૨,૨૪,૦૦૦/- મેળવી ફરીયાદી તથા સાહેદોને ઈઝરાયલના વર્ક વીઝા નહિ કરી આપી તથા ઈઝરાયલ નહિ

મોકલી આપી કે તેઓ પાસેથી મેળવેલ રૂપીયા પરત નહિ આપી ફરીયાદી તથા સાહેદો સાથે છેતરપીંડી કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ. સદર ગુનાના તપાસના કામે અરજદાર/ આરોપીની સદરહુ ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલ. તેમજ તપાસ પુર્ણ થયા બાદ સદર ગુનાના આરોપી સામે તપાસ કરનાર અધિકારીએ નામદાર પેટલાદ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલું.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી ની દલીલ મુજબ, અરજદાર/આરોપી ગરીબ માણસ છે તેમજ તેઓએ કહેવાતો કોઈ જ ગુનો કરેલ નથી તેમ છતાં સદર ગુનામાં તેમને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરી જણાવે છે કે અરજદાર/આરોપીનું નામ એફ.આઈ.આર. માં દર્શાવેલ નથી પરંતુ પોલીસે ખોટી રીતે સંડોવણી કરી દીધેલ છે. વધુમાં રજુઆત કરી જણાવે છે કે સદર ગુના અન્ય આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. વધુમાં જણાવે છે કે અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ભુતકાળ ધરાવતા નથી તેમજ વિ.વ.શ્રી ની રજુઆત મુજબ સદર ગુનાની તપાસ પુરી કરી ત.ક.અમલદારે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરી દીધેલ છે અને સમગ્ર દસ્તાવેજી પુરાવાઓ સરકારી કસ્ટડીમાં છે અને જો અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડા થવાની સંભાવના રહેલ નથી. વિ.વ.શ્રી ની રજુઆત મુજબ આક્ષેપીત ગુના સંબધેની કલમો હેઠળનો કેસ ચલાવવાની સત્તા નામદાર જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ કોર્ટને રહેલ છે અને અરજદાર/આરોપી સામેની સજાનું તહોમત ફાંસી કે આજીવન કેદનું નથી. વિ.વ.શ્રી ની વધુમાં રજુઆત મુજબ અરજદાર/ આરોપી સામેના આક્ષેપીત ગુના સંબધેનું ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે અને જો અરજદાર/આરોપીને જામીન ઉપર છોડવામાં ન આવે તો તેઓને પ્રિટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે. વિ.વ.શ્રી ની રજુઆત મુજબ

અરજદાર/આરોપી જામીન અરજીમાં જણાવેલ સરનામેના કાયમી રહેવાશી છે, કયાંય નાસી–ભાગી જાય તેવા નથી અને અરજદાર/આરોપી નામદાર કોર્ટ જે શરતો અને બોલીઓ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપતા હોય, જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલી છે.

(૪) અરજદારની અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કરતા આ કામે સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી દ્વારા ભારપુર્વક રજુઆત કરેલી કે, આ કામે અરજદાર/આરોપી તથા અન્ય આરોપી સામે ઈ.પી.કો.કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબનો ગંભીર ગુનાનો આરોપ છે. અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં કાવતરું રચી કોઈ પણ જાતના લાયસન્સ વગર ગેરકાયદેસરના એજન્ટો બની ફરીયાદી તથા સાહેદોને વર્ક વીઝા ઉપર વિદેશ મોકલવાની લાલચ આપી તેઓ પાસેથી કુલે રૂા. ૮૨,૨૪,૦૦૦/– મેળવેલ અને ત્યાર બાદ ફરીયાદી તથા સાહેદોને વર્ક વીઝા નહિ આપેલ તથા વિદેશ નહિ મોકલીને તેઓ સાથે છેતરપીંડી કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરીથી આવી ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાય શકે છે અગર તો નાસી–ભાગી જાય તેમ હોય, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત ન કરવા રજુઆત કરેલી છે. શ્રી સરકારી વકીલ મારફતે તપાસ કરનાર અધિકારીએ આંક–૪ થી સોગંદનામુ રજુ કરેલુ છે.

(૫) ઉભય પક્ષે લંબાણ પુર્વક સાંભળ્યા. તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ, એફ.આઈ.આર. ની નકલ અને કેસ પેપર્સ ધ્યાને લેવામાં આવ્યા. કેસ પેપર્સ ઉપરથી ફલીત થાય છે કે, આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો.કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબનો આક્ષેપ છે. સદર ગુના અંગે તપાસ કરનાર

અધિકારીએ તપાસ પુર્ણ કરી ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામના અરજદાર/આરોપી છેલ્લા ઘણાં સમયથી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપી વિરુધ્ધના આક્ષેપીત ગુન્હાની ટ્રાયલ પણ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ધ્વારા ચાલવા પાત્ર છે. આ કામની ટ્રાયલ ચાલતાં સમય લાગે તે સ્વાભાવિક છે. અરજદાર/આરોપી સામે ગંભીર ગુન્હો હોવાથી અને સમાજમાં માત્ર દાખલો બેસાડવાના હેતુથી ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે, ગુન્હો સાબીત થાય તે પહેલાં સજા થયાનું ગણાય તે રીતે ટ્રાયલ પુરી થતાં સુધી જો હાલના અરજદાર/આરોપી ને જેલમાં રાખવામાં આવશે તો તેઓને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થવાની શકયતા રહેલી છે. હાલના અરજદાર/ આરોપી સામે ગુનાની વધુ તપાસ બાકી રહેલી નથી. અન્ય આરોપીઓને અત્ર ેની અદાલત ધ્વારા જામીન પર મુકત કરવામા આવેલ છે. જે તમામ હકીકતો ધ્યાને રાખી અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનું વ્યાજબી જણાઈ આવતુ હોય તેઓની જામીન અરજી કેટલીક શરતોને આધીન મંજુર કરવા યોગ્ય જણાઈ આવતી હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **– : : હુ ક મ : : –**

**૧.** આ કામના અરજદાર/આરોપી **ગૌતમભાઈ જશુભાઈ રોહિત,** રહે.ઓડ, ઠે.ઈન્દીરા નગરી, ભરોડા રોડ, તા.જી.આણંદ.(હાલે જયુડીશીયલ કસ્ટડીમાં /સબ જેલ ખંભાત) નાઓની આ જામીન અરજી આથી **'' મંજુર ''** કરવામાં આવે છે.

અરજદાર/આરોપીએ **રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના એક સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા **નીચેની સંબંધીત અદાલત સમક્ષ** રજુ કર્યેથી નીચે મુજબની શરતોને આધીન આ કામનાં ગુન્હામાં જામીન ઉપર મુકત કરવાનો હુકમ

કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય સીધી કે આડકતરી રીતે કરવું નહીં, તેમજ ફરીયાદપક્ષના સાક્ષીને ધાક ધમકી આપવી નહીં કે પુરાવા સાથે ચેડા કરવાની કોશીશ કરવી નહીં.

૨. અરજદાર/આરોપીએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઈ ગુનો કરવો નહીં.

૩. અરજદાર/આરોપીએ અદાલતની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

૪. અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું નીચેની અદાલતમાં જાહેર કરવું.

૫. અરજદાર/આરોપીએ જામીન નીચેની અદાલતમાં આપવા.

૬. અરજદાર/આરોપી બેન્કમાં ખાતુ ધરાવતા હોય તો તેઓના નામના ખાતાની પાસબુકની નકલ દિન–૧૦ માં નીચેની અદાલતમાં રજુ કરવી અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું નીચેની અદાલતમાં રજુ કરવું.

**આ હુકમ સબંધે સંબંધકર્તા પોલીસ સ્ટેશન તથા નીચેની અદાલતને યાદી કરવી.**

આ ચુકાદો આજ તારીખ–૧૮, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૮/૦૬/૨૦૨૬ **(ઝંખના વી. ત્રિવેદી)**
સ્થળ :– પેટલાદ. બીજા અધિક સેશન્સ જજ, પેટલાદ
**GJ-00676**

*સ્ટેનો–જે.ટી.રાણા.*